મોડાસાના મુખ્ય માર્ગો પર રખડતી ગાયોનો અડીંગો : વાહનચાલકો અને પ્રજાજનો પરેશાન

મોડાસા, તા. ૨૪

અરવલ્લી જિલ્લાના મોડાસા શહેરના મુખ્ય માર્ગો પર રખડતી ગાયોએ રીતસરનો કબ્જો જમાવી દેતા શહેરના મુખ્ય માર્ગ મોડાસા-હિંમતનગર શહેરના માલપુર રોડ, મેઘરજ રોડ, ડિપ વિસ્તારમાં ટ્રાફિકનો અવર-જવર ખૂબજ મોટા પ્રમાણમાં થતો હોવાથી અહીંથી પસાર થતા વાહનચાલકો અને પ્રજાજનોને ભારે હાલાકી અનુભવવી પડતી હોય છે. ગાયોના અડીંગાના કારણે અનેક વાહનચાલકો અને રાહદારીઓના હાડકા ખોખરા થવા છતાં નગરપાલિકા તંત્ર દ્વારા મૌન સેવી રખડતી ગાયો અંગે કોઈ જ દંડનીય કાર્યવાહી ન થતાં શહેરીજનોમાં રોષ ફેલાયો છે.

(તસવીર : જય અમીન, મોડાસા)

મોડાસા શહેરના મુખ્યમાર્ગો પર ઠેર ઠેર ગાયોએ અડ્ડો જમાવી દેતા વાહનચાલકો અને રાહદારીઓ માટે ગાયોના ટોળા માથાના દુઃખાવા સમાન બની રહ્યો છે. મોડાસા શહેરના પશુપાલકો પોતાની ગાયોને રેઢીયાર મુકી દેતા ગાયોએ જાહેર રોડ પર અડિંગો જમાવી દીધો છે. ક્યારેક તોફાને ચડતી ગાયોને કારણે અકસ્માતો પણ સર્જાયા છે. ચાર દિવસ પહેલા નાલંદાવન-૨માં રહેતા બે રહિશોને એક ગાયે અડફેટે લેતાં શરીરે ગંભીર ઈજાઓ પહોંચી હતી. આમ છતાં રખડતી ગાયોને પકડવા માટે નગરપાલિકાતંત્ર દ્વારા કોઈપણ પગલાં ભરવામાં આવતા નથી કે ગાયોના માલિકને દંડ ફટાકરવામાં ન આવતાં શહેરીજનોમાં રોષ જોવા મળી રહ્યો છે. મોડાસાના પ્રજાજનો વારંવાર ગાયોથી થતી પહેશાનીનો ભોગ બનવો પડે છે.મોડાસાના લોકોએ આ અંગે નગરપાલિકામાં વારંવાર રજૂઆત કરવાં છતાં આંખ આડા કાન કરવામાં આવી રહ્યા છે. રખડતી ગાયોના અડીંગાથી શહેરમાં ટ્રાફિક જામના દંશ્યો વારંવાર જોવા મળી રહ્યા છે. નગરપાલિકા તંત્ર ક્યારે જાગશે એ વિચારી પ્રજાજનો નિરાશામાં ગરકાવ થઈ ગયા છે. ગાયોના જમાવેલા મુખ્ય માર્ગો પર અડ્ડા અને રખડતી, તોફાને ચડતી ગાયોના કારણે અકમાતમાં કોઈ નિર્દોષ પ્રજાજને જીવ ગુમાવવાનો વારો તો નહિ આવે ને એવા આત્મ મંથન કરતા શહેરીજનો નજરે ચડે છે.

પોશીના અને પ્રાંતિજના ટી.ડી.ઓ.ની બદલી

ગુજરાત રાજય ગૃહ નિર્માણ વિભાગ દ્વારા ગુરૂવારે રાજયના નવ તાલુકા વિકાસ અધિકારીઓની બદલી કરાઇ છે ત્યારે તેમાં પોશીના અને પ્રાંતિજના ટી.ડી.ઓ.ની પણ બદલી કરાઇ છે. જે અંતર્ગત પ્રાંતિજ ખાતે ફરજ બજાવતા ડી.વી.મકવાણાને કામરેજ (સુરત) અને પોશીનાના પી.એન.પટેલને વિજાપુર મુકાયા છે. જોકે આ બંને જગ્યાઓ ઉપર અન્ય કોઇ તાલુકા વિકાસ અધિકારીને મુકાયા ન હોવાથી બંને જગ્યા ખાલી છે.

(તસવીર : મગનજી વણઝારા, હિંમતનગર)

મહેસાણા જિલ્લાના વિસનગરમાં પાટીદાર સમાજ દ્વારા અનામતના મુદ્દે કાઢવામાં આવેલ રેલી દરમિયાન આંદોલનનું કવરેજ કરી રહેલ ઈલેક્ટ્રોનિક્સ અને પ્રિન્ટ મીડીયાના પત્રકારો પર કેટલાક અસામાજીક તત્વોએ હૂમલો કરી કેમેરા તોડી નાખવાનું હિનકૃત્ય કર્યું છે. જેને પત્રકાર આલમે વખોડી કાઢી ભવિષ્યમાં પત્રકારો પરોના હૂમલાઓને નિવારવા માટે સરકાર દ્વારા અસરકારક પગલા લેવાય તે માટે ઉચ્ચકક્ષાએ રજૂઆતો કરી છે. વિસનગરમાં પત્રકારો પર થયેલા હૂમલાના વિરોધમાં સાબરકાંઠા જિલ્લાના પત્રકારોએ જિલ્લા કલેક્ટર પી. સ્વરૂપને મળી આવેદનપત્ર આપી પત્રકારો પરોના હૂમલાને સખ્ત શબ્દોમાં વખોડી કાઢ્યો હતો.

એટીએમ ગાર્ડ હત્યા પ્રકરણમાં દેના બેક સામે ગુનો નોંધાશે

મોડાસા, તા. ૨૪

શણગાલમાં એટીએમ ગાર્ડની લૂંટના ઈરાદે કરપીણ હત્યા કરવામાં આવી છે. આ હત્યાનો ભેદ ઉકેલવા પોલીસે સીસીટીવી ફુટેજ ઉપર બધો જ આધાર રાખ્યો હતો. પરંતુ છેલ્લા એક માસથી કેમેરા બંધ હોવાનું બહાર આવતાં પોલીસતંત્ર પણ ચોંકી ઉઠયુ છે. દરમિયાન બેંકની બેદરકારી બદલ ગુનો નોંધવાની કાર્યવાહી હાથ ધરી દેવામાં આવી છે. સાથે જ આ હત્યા કેસ ઉકેલવા અનેક લોકોના નિવેદન પણ લેવામાં આવ્યા છે.

શણગાલ ગામે આવેલ દેના બેંકના એટીએમમાં ફરજ બજાવતા સીક્યુરીટી ગાર્ડ હિરાભાઈ ચમારની લૂંટારૂઓએ લૂંટ કરવાના ઈરાદે તિક્ષ્ણ હથિયારોના ઘા મારી હત્યા કરી નાખી હતી. આ ગુનો ઉકેલવા એટીએમમાં લગાવેલા સીસીટીવી કેમેરા આશિર્વાદરૂપ સાબિત થશે તેમ પોલીસ માનતી હતી. બીજી બાજુ મૃતકના પરિવારજનોએ પણ સીસીટીવી કેમેરાના ફુટેજ જોયા બાદ જ લાશ ઉઠાવવાની જીદ પકડી હતી. દરમિયાન એક્સપર્ટોની મદદથી પોલીસે હાર્ડડિસ્કમાંથી સીસીટીવીના ફુટેજ મેળવ્યા હતા પરંતુ છેલ્લા એક માસથી સીસીટીવી કેમેરા જ બંધ હોવાનું બહાર આવ્યું હતું. એક માસથી કેમેરા બંધ હોવા છતાં દેના બેંક શાખા દ્વારા કોઈ જ કાર્યવાહી ન કરાતાં બેંકની ગંભીર બેદરકારી સામે આવી છે. જેના પગલે બેંક સામે પણ ગુનો નોંધવાની કાર્યવાહી હાથ ધરી દેવામાં આવી છે.

(તસવીર : સમીર બલોચ, મોડાસા)

હત્યા કેસની તપાસ એલસીબીને સોંપવામાં આવી છે ત્યારે પીઆઈ પી.કે.પટેલે જણાવ્યું હતું કે, બેંકની બેદરકારી બહાર આવતાં શણગાલ એટીએમ સાથે સંલગ્ન ટીંટોઈ દેના બેંક શાખા સામે જાહેરનામાનો ભંગ કરવા બદલ ગુનો દાખલ કરવામાં આવશે આ માટેની તૈયારી પણ કરી દેવામાં આવી છે. હાલ તો ફુટેજનો આધાર રાખવામાં આવ્યો હતો પરંતુ છેલ્લા એક માસનો કોઈ રેકર્ડ જ ન હોય અન્ય દિશાઓમાં તપાસ હાથ ધરવામાં આવી છે. આ માટે અનેક લોકોના એલસીબી દ્વારા નિવેદન પણ લેવામાં આવ્યા હોવાનું જાણવા મળ્યું હતું.

હિંમતનગરમાં સવગઢના રહીશ પર સળિયા અને લાકડી વડે હુમલો

હિંમતનગર, તા. ૨૪

હિંમતનગરના પોલોગ્રાઉન્ડ વિસ્તારમાં શુક્રવારે બપોરના સુમારે ખોટી વાતો બાબતે ઠપકો આપવા જતા પાણપુરની ખુશ્બુ સોસાયટીના રહીશ પર ઉશ્કેરાઈ જઈ લોખંડનો સળિયો અને લાકડી વડે હુમલો કરવાની ઘટના સંદર્ભે પોલોગ્રાઉન્ડમાં રહેતા ત્રણ વ્યકિતઓ વિરૂધ્ધ ફરિયાદ નોંધાઈ છે. હિંમતનગર બીડીવીઝન પોલીસે તહેબા સ્ટ્રીટ સોસાયટીમાં રહેતી એક મહિલા સહિત ત્રણ જણા વિરૂધ્ધ ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

શુક્રવારે બપોરના સુમારે બનેલી ઘટના અંગે પોલીસ સૂત્રો દ્વારા પ્રાપ્ત વિગત અનુસાર પાણપુર પાટિયા નજીકના સંજરનગરની ખુશ્બુ સોસાયટીમાં રહેતા મહંમદસલમાન આલમભાઈ વ્હોરાએ પોલોગ્રાઉન્ડમાં માણેકકૃપા હાઈસ્કૂલ પાછળ રહેતા નાઝનીન વોરા, ફિરોઝ આસિન પઠાણ અને યાસીન ફકીર પઠાણને જાસ્મીનની ખોટી વાતો કરવા બાબતે ઠપકો આપ્યો હતો. જેથી નાઝનીન વ્હોરાએ મહંમદસલમાન વ્હોરાનો બુશર્ટ ફાડી નાખ્યો હતો. જયારે ફિરોઝ પઠાણએ લોખંડનો સળિયો જમણા હાથે માર્યો હતો. તેમજ યાસીન પઠાણે પણ મહંમદસલમાન વ્હોરાના કમરના ભાગે લાકડી ફટકારી ગડદાપાટુનો માર માર્યો હતો.

લાકડી તેમજ લોખંડના સળિયા વડે હુમલો કરનારા તહેબા સ્ટ્રીટ સોસાયટીના ત્રણેય જણાએ મહંમદસલમાન વ્હોરાને જાનથી મારવાની ધમકીઓ આપતા તેમણે ઘટના અંગે હિંમતનગરના બીડીવીઝન પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

હિંમતનગરમાં મઝા સોસાયટીમાં મકાનના તાળા તૂટ્યા

હિંમતનગર, તા. ૨૪

હિંમતનગરમાં ન્યાયમંદિરની મઝા સોસાયટીના એક બંધ મકાનને ગુરૂવારે તસ્કરોએ નિશાન બનાવી સોનાચાંદીના દાગીના અને રોકડ સહિત રૂા.૩૬ હજારની માલમત્તા ચોરી ભાગી છુટયા હતા. ઘરફોડ ચોરીની ઘટના અંગે સોસાયટીના રહીશને જાણ થતા શુક્રવારે બીડીવીઝન પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી.

મહેસાણાના જાણીતા હાડકાના ડૉક્ટરે અનોખી રીતે જન્મ દિવસની ઉજવણી કરી

મહેસાણા, તા. ૨૪

મહેસાણા જિલ્લામાં નામાંકિત ઓર્થોપેડીક તેમજ શહેરના અગ્રણી અને સમાજ સેવક ડૉ. જી. કે. પટેલ દ્વારા તેમના ૬૮માં વર્ષની જન્મ જયંતિની ઉજવણી અનોખી રીતે કરી હતી. ડૉક્ટર દ્વારા શહેરમાં સરકારશ્રી દ્વારા ચાલતા મુકબધીર બાળકોની શાળામાં અભ્યાસ કરતા બાળકો સાથે તેમજ જીવનની અંતિમ પળોમાં વૃધ્ધાશ્રમમાં રહેતા વયોવૃદ્ધ વડીલો સાથે સમય ગાળીને જન્મ દિવસની ઉજવણી કરી હતી.

ડૉ. જી.કે. પટેલ દર વર્ષે અનોખી રીતે જન્મ દિવસની ઉજવણી કરે છે. ડૉ. જી.કે. પટેલ સફળ રક્તદાતા તરીકે નામના મેળવી ચુક્યા છે. આજ સુધી ૧૭૫ વખત રક્તદાન કરી રક્તદાતાઓ તેમજ સામાન્ય માનવી માટે પ્રેરણારૂપ બન્યા છે.

દર વર્ષે નવીન રીતે જન્મ દિવસની ઉજવણી કરતા ડૉ. જી.કે. પટેલે મુકબધીર બાળકોને ફ્રુટ, નેઈલ કટર, અરીસાનું વિતરણ કરવામાં આવ્યું હતું. જેમાં બાળકો ભેટ મેળવી આનંદીત થઈ ગયા હતા. આ ઉપરાંત શહેરના વૃદ્ધાશ્રમમાં ૩૫ થી વધુ વૃદ્ધો સાથે સમય ગાળી જન્મદિવસની ઉજવણી કરી હતી. વૃદ્ધાશ્રમમાં આર.ઓ. પ્લાન્ટ આપી શુધ્ધ પીવાનું પાણીની ભેટ આપી હતી. પટેલે તમામ વૃદ્ધોને જમણ કરાવ્યું હતું.

બાયડ તાલુકાની પ્રાથમિક શાળાઓમાં હવે દર શનિવારે ટેસ્ટ

બાયડ, તા. ૨૪

બાયડ તાલુકાની ૨૫૨ સરકારી પ્રા.શાળાઓમાં નવતર પ્રયોગના ભાગરૂપે સ્વયં પ્રેરણા પ્રોજેક્ટ અંતર્ગત ૨૩,૦૦૦ બાળકોના દર શનિવારે અઠવાડીક ટેસ્ટ લેવાનું આયોજન થયું છે. ટેસ્ટ લઈ શિક્ષકો પેપર ચાલુ શાળાએ નહીં પરંતુ શાળા સમય બાદ તપાસી સાચા કર્મયોગીના પંથે જવાનો દ્રઢ સંકલ્પ લેતાં સમગ્ર ઉત્તર ગુજરાતના બાયડ તાલુકામાં શિક્ષણ સુધાર માટેનો આ નવતર પ્રયોગને શિક્ષણવિદોએ આવકારી અભિનંદન પાઠવ્યા છે. બાયડ તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારી વી.બી. ચૌહાણ, બી.આર.સી. ચિરાગ પટેલ વગેરેએ તાલુકા વિકાસ અધિકારી સી.જે.ચાવડાના માર્ગદર્શન હેઠળ દર શનિવારે તાલુકાની ૨૫૨ પ્રા. શાળાઓમાં અઠવાડીક ટેસ્ટ લેવાનો નવતર પ્રયોગ અમલમાં મૂક્યો છે.

આવતી કાલ તા.૨૫ ને શનિવારથી આ કાર્યક્રમનો શુભારંભ થઈ રહ્યો છે. પરીક્ષા અંતર્ગત થનારો ખર્ચા સરકારની ગ્રાન્ટમાંથી નહીં પરંતુ ખુદ શિક્ષકો ઉપરાંત સ્વૈચ્છીક સંસ્થાઓ તેમજ ગ્રામજનોના સહયોગથી કરવામાં આવશે તેમજ ટેસ્ટ પછીના પેપરની ચકાસણી સ્વયં શિક્ષકો શાળા સમય બાદ શિક્ષણ કાર્ય ન બગડે તે રીતે કરશે. ત્યારબાદ પેપર ચકાસણીમાં વાલીની સહી મેળવી તેમનું બાળક પ્રા.શિક્ષણમાં કયા સ્ટેજે છે તેની દર સપ્તાહે જાણકારી આપવામાં આવશે. ટી.પી.ઓ.ના જણાવ્યા અનુસાર આગામી ગુણોત્સવમાં જે શાળાઓને હાલમાં જે ગ્રેડમાં છે તેનાથી ઉપરના ગ્રેડે લઈ જવા માટે તેમજ વાલીઓનું સરકારી પ્રાથમિક શાળાઓ ઉપર વિશ્વાસ ટકાવી રાખવાના હકારાત્મક ઈરાદાથી સ્વયં પ્રેરણા પ્રોજેક્ટ અમલી બનાવ્યો છે. આવતી કાલથી શરૂ થતા આ પ્રોજેક્ટ અન્વયે ગામ આગેવાનો તેમજ એસ.એમ.સી. કમીટીના સભ્યો શાળામાં હાજર રહે તે માટે તમામ મુખ્ય શિક્ષકોને અનુરોધ કરાયો છે.



(તસવીર : હરેશ જોષી, પાલનપુર)

પાલનપુર નગરપાલિકા પ્રમુખની મુલાકાત

પાલનપુર નગરપાલિકા ધ્વારા ચોમાસાની સીઝન હોઇ પાણીજન્ય રોગચાળો ફેલાય નહી અને લોકોની સુખાકારી જળવાય તે હેતુસર પાલનપુર નગરપાલિકાના હરીપુરા સંપ ૫ લાખ લીટર, સર્વે નં.૫૪૦ હનુમાન ટેકરી ૧૦ લાખ લીટર, ઘેમરપુરા ૫ લાખ લીટર, મીરાગેટ ૨૦ લાખ લીટર, અમીરબાગ સંપ ૫૦ લાખ લીટર, વૃદાવન ગોબરીરોડ ૫ લાખ લીટરની ક્ષમતા ધરાવતી અંડરગ્રાઉન્ડ સંપની આધુનીક રીતે સફાઇની કામગીરી શરૂ કરવામાં આવેલ છે. ત્યારબાદ ઓવરહેડ ટાંકીઓની પણ સફાઇ હાથ ધરવવામાં આવનાર છે જે પાલનપુર નગરપાલિકા પ્રમુખશ્રી હસમુખભાઇ પઢીયારે જણાવેલ છે. લોકોની સુખાકારી જળવાય તે હેતુસર આજરોજ હરીપુરા સંપ ખાતે થતી અંડરગ્રાઉન્ડ સંપની કામગીરીની સ્થળ નિહાળવા શ્રી હસમુખભાઇ પઢીયાર પ્રમુખશ્રી સાથે પાણી પુરવઠા ચેરમેનશ્રી અશોકભાઇ ઠાકોર, મુખ્ય અધિકારીશ્રી એસ. કે. ગરવાલ તેમજ નગરપાલિકાના સદસ્યશ્રીઓએ પણ સ્થળની મુલાકાત લીધેલ.

હિંમતનગરમાં સોના-ચાંદીની બે દુકાનમાંથી ચોરી કરનાર બે શખ્સ પકડાયા

હિંમતનગર, તા. ૨૪

હિંમતનગરના જુના માર્કેટયાર્ડ નજીક આવેલ સોનાચાંદીની દુકાનમાંથી ચાર માસ અગાઉ અજાણ્યા શખ્સો દુકાનનું શટર તોડી સોનાચાંદીના તથા બગસરાના દાગીના મળી રૂા.૧.૨૫ લાખની ચોરી કરી ભાગી ગયા હતા. જે અંગેની ફરિયાદ બીડીવીઝન પોલીસ સ્ટેશનમાં નોંધાઇ હતી. બીજી તરફ અમદાવાદ પોલીસ દ્વારા ઘરફોડ ચોરી કરતી તસ્કર ટોળકીને ઝડપી લીધી હતી. જયાં તેમની પુછપરછ કરાતા બે શખ્સો હિંમતનગરની ચોરીમાં સંડોવાયેલા હોવાનું કબુલ્યુ હતું. જે આધારે ગુરૂવારે ટ્રાન્સફર વોરંટથી બંને શખ્સોને હિંમતનગર લવાયા હતા.

જુના માર્કેટયાર્ડ નજીક આવેલ ત્રિલોકચંદ સોની તથા વિપુલ સોનીની દુકાનમાંથી ગત તા.૬ એપ્રિલની રાત્રે અજાણ્યા શખ્સોએ આવી રૂા.૧.૨૫ લાખની મત્તાની ચોરી કરી ભાગી ગયા હતા. દરમિયાન અમદાવાદ પોલીસે ઘરફોડ તસ્કર ટોળકીને ઝડપી લીધી હતી.

દહેજના મામલે નાની ડેમાઈની પરિણિતાને ત્રાસ ગુજારાતા સાસરીયા વિરુદ્ધ ફરિયાદ

હિંમતનગર, તા. ૨૪

હિંમતનગર તાલુકાના નાની ડેમાઇ ગામે પરણાવેલી અને હાલમાં ઇડર તાલુકાના ધારાપુર ગામે પિયરમાં રહેતી પરિણીતાને લગ્નના ત્રણેક વર્ષ બાદથી પતિ સહિતના સાસરીયા શારીરિકમાનસિક ત્રાસ ગુજારી બાઇક લાવવા રૂા.૫૦ હજારની માગણી કરતા હતા. પરિણીતાને ગડદાપાટુનો માર મારી જાનથી મારવાની ધમકી અપાતા ગુરૂવારે હિંમતનગરના મહિલા પોલીસ સ્ટેશનનું શરણું લઇ પતિ, સાસુ અને નણંદનણદોઇ વિરૂધ્ધ ફરિયાદ નોંધાવી હતી.

પરિણીતાને ત્રાસ ગુજારવાની ઘટના અંગે વિગત અનુસાર ઇડર તાલુકાના ધારાપુર ગામે રહેતા ફતાજી નાથાજી ચૌહાણની દિકરી રૂપાબેનને હિંમતનગર તાલુકાના નાની ડેમાઇ ગામે રહેતા કાળુસિંહ દિપસિંહ રાઠોડ સાથે પરણાવી હતી. લગ્નના ત્રણેક વર્ષ બાદથી પરિણીતાના પતિ દ્વારા સાસુ, નણંદનણદોઇની ચડમણીથી શારીરિકમાનસિક ત્રાસ અપાતો હતો. ઉપરાંત સાસરીયા દ્વારા બાઇક લેવા માટે રૂા.૫૦ હજારની માગણી થતી હતી. પરિણીતાને પતિ દ્વારા ગડદાપાટુનો માર મરાતા તેમજ છુટાછેડા લેવા માટે સહી કરવાનુંદબાણ કરી અને ન કરે તો જાનથી મારી નાખવાની સાસરીયા દ્વારા ધમકીઓ અપાતા તેણી પોતાના પિયર જતી રહી હતી. અંતે કંટાળેલી રૂપાબેને ગુરૂવારે હિંમતનગરના મહિલા પોલીસ સ્ટેશનમાં પહોંચી સાસરીયા વિરૂધ્ધની રાવ કરી હતી.

આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...

સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ ● એક્વાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટઝ્ તેમજ વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી

એક્સક્લુસિવ શો-રૂમ

AGL TILES WORLD | Radhe ENTERPRISE

પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે, કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર. મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧

ટાટા મોટર્સની ઓથોરાઈઝ ડીલર

મોર્ડન મોટર્સ

ગુજરાત સરકાર માન્ય
ISO-9001:2008 COMPANY

સુવિધાઓ...
(૧) કોમ્પ્યુટરાઈઝ્ડ વ્હીલ એલાયમેન્ટ બેલેન્સીંગ
(૨) સર્વિસ ગ્રીસીંગ
(૩) મીકેનીકલ રીપેરીંગ
(૪) ઓટો ઈલેક્ટ્રીકલ કામ
(૫) બોડી-કલર કામ (૬) જેન્યુન સ્પેર પાર્ટ
(૭) ટાટા કંપનીના તમામ વાહનોનું રીપેરીંગ કામ સંતોષકારક કરી આપનાર

ઓથોરાઈઝ્ડ ડીલર :
બ્રીજસ્ટોન, જે.કે. ટાયર-ટ્યુબ, એક્સાઈડ બેટરી, હીન્દુસ્તાન મોટર્સ લી.

ઓથોરાઈઝ્ડ સર્વિસ ડીલર
TATA
ઓથોરાઈઝ્ડ ડીલર
Castrol
EXIDE INDUSTRIES LIMITED
BRIDGESTONE PASSION for EXCELLENCE
JK TYRE

પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., સેક્ટર-૨૮, કામા મોટર્સની બાજુમાં, ગાંધીનગર-૩૮૨ ૦૨૮
ફોન. : (ઓ) ૦૭૯-૨૩૨૧૧૪૮૫, ફેક્સ : (૦૭૯) ૨૩૨૧૨૬૪૦
મો. : ૯૮૨૫૨ ૬૨૨૯૧, ૯૯૦૪૦ ૪૪૭૦૦